# બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓએ માણ્યો નેચર વૉકથી નિજાનંદ










ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બી.સી.એ. , ગાંધીનગર દ્વારા સેમિસ્ટર ૧ના વિદ્યાર્થીઓ માટે અરણ્ય વન ખાતે નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. નેચર વોક વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહે જણાવ્યુ હતું કે આજે વિદ્યાર્થીઓ સમયની માંગને અનુસાર ટેક્નોસેવી થઈ રહ્યા છે. મોબાઈલ, ઈન્ટરનેટ, ગેમ્સ અને સોશિયલ મીડિયાનું વિદ્યાર્થીઓને વળગણ થઈ રહ્યું છે ત્યારે આ વિદ્યાર્થીઓ કમ્પ્યુટર અને તેની ટેક્નોલૉજીની સાથે સાથે પ્રકૃતિની નજીક રહે અને "ગ્રીન IT"ના અભિગમને પણ સાકાર કરે તેવા સ્તુત્ય પ્રયાસથી આ નેચર વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. એકબીજાથી અપરિચિત એવા આ વિદ્યાર્થીઓમાં ફમિલીના કન્સેપ્ટ-કૌટુંબિક ભાવના જાગૃત કરવા અને તેઓમાં રહેલી વિવિધ આંતરિક શક્તિઓને ખીલવવા માટે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન અરણ્ય પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું. કઠિન અને કપરી પરિસ્થિતિઓનો સામનો એકબીજાના સહયોગથી કેવીરીતે સરળ બનાવી શકાય તે હેતુથી આ વિદ્યાર્થીઓને સંપૂર્ણ પ્રાકૃતિક એવી જગ્યાએ લઈ જઈને નવો અનુભવ કરવવામાં આવ્યો હતો. ઉત્સાહ અને શક્તિનો ધોધ એવા આ નવ યુવાનોમાં ખેલ અને રમતગમત પ્રત્યેના તેમના લગાવને ધ્યાનમાં રાખીને તેઓ માટે ફૂટબોલ, ક્રિકેટ, વોલીબોલ, ઊભી ખો જેવી વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય નેચર વોકના કાર્યક્રમ દરમ્યાન કોલેજના સેમેસ્ટર-૧ના ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભણવાની સાથે સાથે જીવન ઘડતરના નવા નવા અનુભવ કર્યા. નેચર વોકનું સંપૂર્ણ આયોજન ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો.અભિજીતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. મોનિકા પટેલ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. રીમા શેલત, પ્રો. પલક પટેલ, ડો. રિચા મેહતા અને પ્રો.પૂજા જોશી દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# નવા વિદ્યાર્થીઓને આવકારવા "પ્રારંભ" કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)માં ૨૧મી બેચમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન થયુ હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે બહુમુખી પ્રતિભા ધરાવનાર ડો. કેદાર ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. તેઓ અનેક વર્ષોથી ગાંધીનગર, મોરબી, અમદાવાદ, રાજકોટ ખાતે આર્યુવેદિક ડોક્ટર તરીકે સેવાઓ આપે છે. સાથે સાથે મ્યુઝિક થેરાપીસ્ટ અને ગુજરાતી ફિલ્મ-જગતમાં મ્યુઝિક ડાયરેક્ટર તરીકે સેવાઓ માટે જાણીતા છે. ગુજરાતી ચલચિત્રો જેવાકે કરસનદાસ, વાંઢા વિલાસ, શું થયું.... માં તેઓએ મ્યુઝિક ડાયરેક્ટર તરીકે કાર્ય કરેલ છે. ગુજરાતી ભાષાની જાણીતી ફિલ્મ પ્રેમજી ધી વોરિયર માટે તેઓને રાજ્ય સરકાર તરફથી શ્રેષ્ઠ સંગીતકારનો એવોર્ડ એનાયત કરવા માં આવેલ છે. તેમના દ્વારા યુવા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. રમાકાંતપૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વવિદ્યાલય કેળવણી મંડળ, યુનિવર્સીટી તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો. ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા કાર્યક્રમની આભારવિધિ સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા કેળવવા માટે ઈજન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથીડો. નીરવ જોશી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રથમ વર્ષનાં મિત્રોના સ્વાગત માટે રજૂ કરવામાં આવ્યો હતો. કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ ધમાકેદાર રજુઆતો કરી હતી. કુલ ૪૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના હાર્દ સમી મિસ્ટર પ્રારંભ તેમજ મિસ પ્રારંભની સ્પર્ધા ખૂબ રોચક બની રહી હતી. હાશ્મિ ચાંદનિવાલાને 'મિસ્ટર પ્રારંભ' તેમજ રીનુ એબેને 'મિસ પ્રારંભ'નો ખિતાબ પ્રાપ્ત થયો હતો. પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કુલ ૫૦ રજુઆતો વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપમાં અથવા વ્યકિતગત રીતો આપવામાં આવી હતી. તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી તરબોળ થીમ ઈનક્રેડીબલ ઈન્ડિયા પર રજૂ થયેલ માઈમને શ્રોતાઓનો જોરદાર પ્રતિસાદ સાંપડયો હતો. આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ૧૨૦૦ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડો. રાકેશ ભટનાગર તેમજ હાર્દિકા શુક્લ દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન ઈવેન્ટ ઈન્ચાર્જ ડો. નીરવ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



લીલાવતીબેન કે ચાવડા
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩



મહેન્દ્ર એમ ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯



માહી મહેશકુમાર ઠાકોર



હેતાર્થ પરીમલ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્પેસ સાયન્સ વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૯

પ્રવૃત્તિ આધારિત શિક્ષણ માટે પ્રતિબદ્ધ સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન એમટ્રર એસ્ટ્રોનમર્સના સહયોગથી સ્પેસ સાયન્સ વર્કશૉપ યોજવામાં આવ્યો હતો.

આ વર્કશૉપમાં વિદ્યાર્તીઓને વૉટર બૉટલ રૉકેટ બનાવતાં શીખવવામાં આવ્યું હતું. ત્રણ ચરણમાં વહેંચાયેલા આ વર્કશોપના પહેલા ચરણમાં પીઆરએલના નિવૃત્ત વૈજ્ઞાનિક એમ પી દેવમુરારી દ્વારા રોકેટની સંરચના અને થિયરી સમજાવવામાં આવી હતી. બીજા ચરણમાં મૉડેલ રોકેટરી ક્લબના સંસ્થાપક પ્રથમ આંબલાએ રોકેટના નિર્માણ અંગેની બારીકીઓ વર્ણવી હતી. ત્રીજી ચરણમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા રોકેટનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું.

રંગોલી ગૃપના ચેરમેન પ્રહર અંજારિયા અને ડિરેક્ટર અનમિકા અંજારિયાએ વર્કશૉપમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપાચાર્ય વિજયા સુબ્રમનીયન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં વાલીમીટિંગનું આયોજન કરાયું





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે વાલીમિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. નાથીબા કૉલેજ હૉલ ખાતે રવિવારે યોજાયેલી આ મીટિંગમાં વાલીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સમગ્ર શૈક્ષણિક વર્ષના આયોજનની રૂપરેખા મીટિંગમાં રજૂ કરવામાં આવી હતી. આચાર્ય વિનોદભાઈ પટેલે શાળા પરિણામ અને શાળાની આગામી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ પટેલે કર્યું હતું.

## જલદી પાછા ફરો

મદ્રાસથી કલકત્તા ગયો. કલકત્તામાં મને મુશ્કેલીઓનો પાર ન રહ્યો. ત્યાં 'ગ્રેટ ઈસ્ટર્ન' હોટેલમાં ઊતર્યો. કોઈને ઓળખુ નહીં. હોટેલમાં 'ડેલી ટેલિગ્રાફ'ના પ્રતિનિધિ મિ. એલર થૉર્પની ઓળખ થઈ. તે રહેતા હતા બંગાળ ક્લબમાં. ત્યાં મને તેમણે નોતર્યો. તે વખતે તેમને ખબર નહોતી કે હોટેલના દીવાનખાનામાં કોઈ હિંદીને ન લઈ જઈ શકાય. પાછળથી તેમણે આ પ્રતિબંધ વિષે જાણ્યુ. તેથી તે મને પોતાની કોટડીમાં લઈ ગયા. હિંદીઓ તરફના સ્થાનિક અંગ્રેજોના આ અણગમાનો તેમને ખેદ થયો. મને દીવાનખાનામાં ન લઈ જવા સારુ માફી માગી.




'બંગાળના દેવ' સુરેન્દ્રનાથ બેનરજીને તો મળવાનું હતું જ. તેમને મળ્યો. હું મળ્યો ત્યારે તેમની આસપાસ બીજા મળનારાઓ હતા. તેમણે કહ્યુ, 'તમારા કામમાં લોકો રસ નહીં લે એવો મને ભય છે. તમે તો જુઓ છો કે અહીં જ કંઈ થોડી વિટંબણાઓ નથી. છતાં તમારે તો બને તે કરવું જ. આ કામમાં તમારે મહારાજાઓની મદદ જોઈશે. બ્રિટિશ ઈન્ડિયા એસોસિયેશનના પ્રતિનિધિઓને મળજો. રાજા સર પ્યારીમોહન મુકરજી અને મહારાજા ટાગોરને મળજો. બંને ઊદાર વૃત્તિના છે ને જાહેર કામમાં ઠીક ભાગ લે છે.' હું આ ગૃહસ્થોને મળ્યો. ત્યાં મારી ચાંચ ન બૂડી. બંનેએ કહ્યું, 'કલકત્તામાં જાહેર સભા કરવી સહેલું કામ નથી. પણ કરવી જ હોય તો ઘણો આધાર સુરેન્દ્રનાથ બેનરજી ઉપર છે.'

મારી મુશ્કેલીઓ વધતી જતી હતી. 'અમૃત બઝાર પત્રિકા'ની ઓફિસે ગયો. ત્યાં પણ જે ગૃહસ્થો મને મળ્યા તેમણે માની લીધેલું કે હું કોઈ ભમતારામ હોવો જોઈએ. 'બંગવાસી' એ તો હદ વાળી. મને એક કલાક સુધી તો બેસાડી જ મૂક્યો. બીજાઓની સાથે અધિપતિસાહેબ વાતો કરતા જાય; તેઓ જતા જાય, પણ પોતે મારી તરફ પણ ન જુએ. એક કલાક રાહ જોઈને મેં મારો પ્રશ્ન છેડયો ત્યારે તેમણે કહ્યુ, 'તમે જોતા નથી અમને કેટલું કામ પડ્યું છે ? તમારા જેવા તો ઘણા અમારે ત્યાં ચાલ્યા આવે છે. તમે વિદાય થાઓ તેમાં જ સારું છે. અમારે તમારી વાત સાંભળવી નથી.' મને ઘડીભર દુ:ખ તો થયું, પણ હું અધિપતિનું દ્રષ્ટિબિંદુ સમજ્યો. 'બંગવાસી' ની ખ્યાતિ તો સાંભળી હતી. અધિપતિને ત્યાં માણસો આવતા હતા તે હું જોઈ શક્યો હતો. (ક્રમશ:)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્ય





ગાંધીનગર શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી પાસેની ૭ સ્કૂલ્સના તમામ વિદ્યાર્થીઓને નોટબૂક, પેન્સિલ, રબર અને સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવાપાલ્લા, બુઢેલી, બુધરાસણ, અજીતપુરા, ધરાસણ, બુધરાસણ વર્ગ અને પહાડા સ્કૂલને આ સેવાકાર્ય હેઠળ આવરી લેવામાં આવી હતી. વિરભદ્રસિંહ, તેમની દીકરી પ્રિન્સી, કર્મદેવસિંહ તથા સમિતિના મિલિન્દભાઈ અને ભીમજીભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા. સ્કૂલના શિક્ષકોને સહયોગ સંસ્થાને આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો.